Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

વંચાણે લીધું :- File No. Academic/Academic/019564/2026, Date : 27/10/2026 પર મળેલ આદેશ

## પરિપત્ર

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજો તેમજ યુનિવર્સિટી પરિસર ખાતેના વિવિધ વિભાગોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ ના દ્વિતીય સત્ર દરમિયાન સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ NCF-NEP ના અભ્યાસક્રમમાં સેમેસ્ટર-૨, સેમેસ્ટર-૪ અને સેમેસ્ટર-૬ માં અને NCF-NEP (4th year Honors) સેમેસ્ટર-૮ માં ઓનલાઈન કોલેજ ટ્રાન્સફર માટે વિદ્યાર્થીઓ પોતાના ડેશબોર્ડમાંથી લૉગિન કરીને <u>ઓનલાઈન અરજી તા. ૦૧/૧૧/૨૦૨૬ થી તા. ૩૦/૧૧/૨૦૨૬ સુધીમાં કરી શકશે.</u>

૧. વિદ્યાર્થીઓએ vnsgu.net પર જઈ પોતાના SPID નો Username તરીકે ઉપયોગ કરી પોતાનો Password નાખી લૉગિન કરી પોતાના ડેશબોર્ડમાં જઈ 'College Transfer Application' સિલેક્ટ કરી તેમાં જે સેમેસ્ટરમાંથી જે સેમેસ્ટરમાં ટ્રાન્સફર મેળવવા માંગતા હોય તે સેમેસ્ટર સિલેક્ટ કરી 'Apply for College Transfer' પર ક્લિક કરવાનું રહેશે.

૨. વિદ્યાર્થીઓએ કોલેજ ટ્રાન્સફર માટે ઓછામાં ઓછી ૧ અને વધુમાં વધુ ૫ કોલેજની પસંદગી આપવાની રહેશે. પસંદગીની કોલેજમાં સીટ ખાલી હશે તો જ મેરિટના આધારે ટ્રાન્સફર થશે.

૩. સ્નાતક કક્ષાએ સેમેસ્ટર-૨ માં ટ્રાન્સફર મેળવવા માટે ધોરણ-૧૨ નું મેરિટ, સેમેસ્ટર-૪ માં ટ્રાન્સફર મેળવવા માટે સેમેસ્ટર-૨ નું મેરિટ, સેમેસ્ટર-૬ માં ટ્રાન્સફર મેળવવા માટે સેમેસ્ટર-૪ નું મેરિટ અને સેમેસ્ટર-૮ માં ટ્રાન્સફર મેળવવા માટે સેમેસ્ટર-૬ નું ઓવરઓલ મેરિટ ધ્યાનમાં લેવાશે. અનુસ્નાતક કક્ષાએ સેમેસ્ટર-૨ માં ટ્રાન્સફર મેળવવા માટે ગ્રેજ્યુએશનનું મેરિટ અને સેમેસ્ટર-૪ માં ટ્રાન્સફર મેળવવા માટે સેમેસ્ટર-૨ નું મેરિટ ધ્યાનમાં લેવાશે.

૪. અનુસ્નાતક કક્ષાએ પોતાની જ કોલેજમાં (દા.ત. હાયર ફી માંથી લોઅર ફી માં) ફી ની કેટેગરી ટ્રાન્સફર કરવા માટે (જે અભ્યાસક્રમોમાં લાગુ પડતું હોય માત્ર તેમાં) પણ આ જ અરજી લાગુ પડશે.

૫. તમામ વિદ્યાર્થીઓની ઓનલાઈન અરજી મળ્યેથી જે કોલેજોમાં બેઠકો ખાલી હશે અને ટ્રાન્સફરની પ્રક્રિયા દરમિયાન બેઠકો ખાલી પડે તે કોલેજો/વિભાગોમાં વિદ્યાર્થીઓની પસંદગીના આધારે મેરિટના ધોરણે ટ્રાન્સફરની કાર્યવાહી કરવામાં આવશે.

૬. અંગ્રેજી માધ્યમ માંથી ગુજરાતી માધ્યમમાં અને ગુજરાતી માધ્યમ માંથી અંગ્રેજી માધ્યમમાં ટ્રાન્સફર માટે પણ આ જ ફોર્મ લાગુ પડશે.

૭. કોલેજ ટ્રાન્સફર માટે એપ્લાય કરતી વખતે જે ટકાવારી હશે તે ધ્યાનમાં લેવાશે. એક વાર એપ્લાય થઈ ગયા બાદ અરજી કરવાની નિયત સમયમર્યાદામાં વિદ્યાર્થી ફરી વાર એપ્લાય કરી શકશે, અને ત્યારે પરિણામ (Result) માં સુધારો થયો હોય તો ફરી વાર એપ્લાય કરે ત્યારની નવી ટકાવારી ધ્યાનમાં લેવાશે.

૮. ટ્રાન્સફરની પ્રક્રિયા સંપૂર્ણ ઓનલાઈન હોય, વિદ્યાર્થીઓએ નિયમિત (દરરોજ) પોતાનું ડેશબોર્ડ ચેક કરવાનું રહેશે તથા ટ્રાન્સફર અંગેની તમામ સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

૯. કોલેજ ટ્રાન્સફરની પ્રક્રિયા મેરિટના આધારે થતી હોવાથી કોલેજની પસંદગી સમજી-વિચારીને કરવાની રહેશે. એક વાર વિદ્યાર્થીની પસંદગીની કોલેજમાં ટ્રાન્સફર માટે જે-તે કોલેજે વેરિફાઈ કર્યા બાદ ફાઈનલ એલોટમેન્ટ થઈ ગયા પછી વિદ્યાર્થી કોઈ પણ સંજોગોમાં પોતાની મૂળ કોલેજમાં પરત જઈ શકશે નહીં.

૧૦. જો કોઈ વિદ્યાર્થી મેજર/માઇનોર વિષય બદલી અન્ય કોલેજમાં ટ્રાન્સફર મેળવવા માંગતો હોય, તો આવા વિદ્યાર્થીઓએ તે વિષયના અગાઉના સેમેસ્ટરોના મેજર/માઇનોર વિષયોની પરીક્ષા આપવાની શરતે, મેજર/માઇનોર વિષય બદલવાની (જે કોલેજમાં વિષય ચાલતો હોય ત્યાં) મંજૂરી આપી શકાશે. (પરિપત્ર ક્રમાંક: એકે./NEP/૩૧૪૪૩/૨૦૨૩, તા. ૨૦/૧૨/૨૦૨૩)

11. Open Dashboard from VNSGU.Net -> Go to College/Department -> Check College Transfer Tab -> Select Applied for Semester -> Select Minimum 1 College & Maximum 5 Colleges for Transfer & Submit -> Check the College Transfer Table.

ક્રમાંક: એકે./ટ્રાન્સફર/યુ.જી.-પી.જી./૨૫૧૨૩/૨૦૨૬

તા. ૨૭/૧૦/૨૦૨૬

કુલસચિવ

નકલ સવિનય રવાના:

(૧) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, યુનિવર્સિટીના વિવિધ વિભાગોના વડાશ્રીઓ, યુનિવર્સિટી પરિસર ખાતેના સ્વનિર્ભર અભ્યાસક્રમોના કો-ઓર્ડિનેટરશ્રીઓ તરફ જાણ અર્થે તેમજ આપની કોલેજ/વિભાગના નોટિસ બોર્ડ પર મૂકવા અને દરેક વિદ્યાર્થીઓને આ અંગેની માહિતી આપવા સારું.

(૨) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજો તેમજ યુનિવર્સિટી પરિસર ખાતેના વિવિધ વિભાગોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી માટે.